શ્રીમદ્ ભારતમાર્તંડ સ્મારક.

શ્રીમદ્‌ભાગવતાંતર્ગત

શ્રીગજેંદ્રમોક્ષ.

(ગૂજરાતી ભાષાંતરસાથે)

પ્રકાશક

પુસ્તકપ્રસારક મંડળી.

મુંબાઈ.

"નિર્ણયસાગર" મુદ્રાલય.

સંવત્ ૧૯૫૪. સને ૧૮૯૮.

(નિત્ય પાઠ કરવાની પ્રતિજ્ઞા લેનારને ભેટ.)

ભારતમાર્તંડ વેદાંત ભટ્ટાચાર્ય
પંડિત શ્રીગટ્ટૂલાલજી.



કોટામાં પ્રાગટ્ય, સં. ૧૯૦૧ પૌષ વદ ૧૨.
સોમ. તા૦ ૩ ફેબ્રુવારી ૧૮૪૫.
ભાવનગરમાં નિર્વાણ સં. ૧૯૫૪ માગસર શુદ ૯.
ગુરુ. તા. ૨ ડિસેંબર ૧૮૯૭.

પ્રયોજન.


'વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે' આ ન્યાયે ભારતમાર્તંડ વેદાન્તભટ્ટાચાર્ય પંડિત શ્રી ગટ્ટૂલાલજી સર્વને પૂજ્ય હતા. સર્વને કલ્યાણકારી એમની ઇચ્છા પ્રમાણે એમની માતુંશ્રીના મંદિરને, એમની "વિદ્યાલક્ષ્મી" પાઠશાળાને તથા એમના પિતાના પુસ્તકાલયને યથાશક્તિ સહાયતા આપી સારી રીતે એમનું સ્મારક સૌ કોઈ રાખવા તત્પર થશે, પરંતુ તેતો જ્યારે પાર પડે ત્યારે. દરમ્યાન અમારી આ બાલ મંડળીપર તેમની જે કૃપાદૃષ્ટિ હતી, તેના સ્મારક તરીકે અમે આ લઘુ સ્તોત્ર પ્રકટ કર્યું છે.

આજ સ્તોત્ર પસંદ કરવાનું કારણ એ છે કે કોઈ પણ પ્રકારે કરીને લોકોનું મન પરમાત્મા તરફ ખેંચવું એજ જેમણે જન્મપર્યંત કર્તવ્ય માન્યું હતું. એટલુંજ નહિ પણ એક દિવસ એક મુમુક્ષુ એ આવી, પોતાથી ઘણાજ ટૂંક સમ-

યમાં સધાય એવો શ્રેયનો માર્ગ પૂછતાં પંડિતશ્રીએ તેને "ગજેંદ્રમોક્ષ" પ્રકરણમાંથી માત્ર ૧૨ શ્લોકો ચૂંટી આપી નિત્ય પ્રાતઃકાલે પાઠ કરવાનો બોધ કર્યો હતો. અર્થાત્ જેનાથી બીજું કંઈપણ નજ બનતું હોય તેણે આટલું પણ પ્રાતઃસ્મરણ કરવું એવો એ મહાત્માનો અભિપ્રાય હતો. એ માનવી જન્મને કલ્યાણકારી વિચાર જગત્માં જીવતો રાખવો તથા એનુંજ પઠન પાઠન તથા શ્રવણ મનન અને નિદિધ્યાસન થતાં, ગજેંદ્રનીપેઠે માયારૂપી ગ્રહથી ભવસાગરમાં પકડાયલા પ્રાણીઓને ભગવાનસંબંધી જ્ઞાન પ્રાપ્ત કરાવી મોક્ષના સાધનનું સ્મરણ કરાવવું એજ આ પ્રકટ કરવામાં મુખ્ય હેતુ છે. તે સર્વેશ્વર સફલ કરો.

મુંબાઈ પુસ્તકપ્રસારક મંડળી.

ગજેંદ્રમોક્ષ.



श्रीभगवद्वाक्यम्.

उत्थायापररात्रान्ते, प्रयाताः सुसमाहिताः ।
स्मरन्ति मम रूपाणि, मुच्यन्ते ह्येनसोऽखिलात्॥
ये मां स्तुवन्त्यनेनांग, प्रतिबुध्य निशात्यये ।
तेषां प्राणात्यये चाहं, ददामि विमला मतिम् ॥

(દોહરા)

પ્રભાતમાં ઊઠી બની, શુદ્ધ શાંત મન યુક્ત;
ભજે રૂપ મમ તે થશે, સર્વ પાપથી મુક્ત. ૧.
સ્તવે નિશાંતે જે મને, આમ કરીને શુદ્ધિ;
મરણસમય હું તેમને, આપું નિર્મળ બુદ્ધિ. ૨.

(શ્રીભાગવત સ્કંદ ૮ અ. ૪ શ્લો. ૨૪-૨૫.)

६७५०

श्रीमद्‌भारतमार्तंड वेदांत भट्टाचार्य पंडित
શ્રીગટ્ટુલાલજી ઘનશ્યામજી સ્મારક.

શ્રીમદ્ ભાગવત અંતર્ગત

શ્રીગજેંદ્રમોક્ષ.

श्रीशुक उवाच શ્રીશુકદેવજી કહેછે:-

एवं व्यवसितो बुद्ध्या, समाधाय मनो हृदि ॥
जजाप परमं जाप्यं, प्राग्जन्मन्यनुशिक्षितम् १

ગજેંદ્રે એ પ્રમાણે નિશ્ચય કરીને, (અને) વિચાર-બળે મનને (બીજા વિષયોમાંથી ખેંચીને) હૃદયમાં સ્થિર કરીને પૂર્વજન્મમાં (જ્યારે તે ઇંદ્રદ્યુમ્ન નામનો પાંડુદેશનો રાજા હતો તે વખતે) અનુભવ સહિત શીખેલું ઉત્તમ સ્તોત્ર જપવા લાગ્યો. ૧.

गजेंद्र उवाच. ગજેંદ્ર કહેછે:-

नमो भगवते तस्मै, यत एतच्चिदात्मकम् ॥
पुरुषायादिबीजाय, परेशायाभिधीमहि ॥२॥

જેથી આ (દેહ, ઇંદ્રિય વગેરે આખું વિશ્વ) ચેતનયુક્ત થાયછે, એવા જે પુરુષ (અંતર્યામી), આદિ બીજ (સર્વ કારણોનું પણ કારણ), પરેશ (બ્રહ્માદિક દેવતાને પણ નિયમમાં રાખનાર), તે (શાસ્ત્રપ્રસિદ્ધ) ભગવાન્ (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોથી પરિપૂર્ણ)નું હું નમન ઉચ્ચારૂં છું. (કારણ કે ગ્રાહે પકડેલો હોવાથી કાયાએ કરીને મારાથી નમન કરી શકાતું નથી). ૨.

यस्मिन्निदं यतश्चेदं, येनेदं य इदं स्वयम् ॥
योऽस्मात्परस्माच्च, परस्तं प्रपद्ये स्वयंभुवम् ३

જેને આધારે આ (વિશ્વ રહ્યું છે), જેથી આ

(વિશ્વ થયું છે અર્થાત્ જે આનું ઉપાદાનકારણ છે), જેણે (જે કર્ત્તાએ અને જે સાધને) આ (વિશ્વ નિર્માણ થયું છે) અને જે પોતે (આ જગતરૂપે થાયછે), જે (આ સ્થૂલકાર્ય અને સૂક્ષ્મ કારણ)થી પણ પર (અલગ) છે. તે પરાત્પર સ્વયંભુવ (સ્વતઃસિદ્ધ)ને હું શરણ થાઉં છું. ૩.

यः स्वात्मनीदं निजमाययार्पितं
क्वचिद्विभातं क्व च तत्तिरोहितम् ॥
अविद्धदृक्साक्ष्युभयं तदीक्षते
स आत्ममूलोऽवतु मां परात्परः ॥ ४ ॥

કોઈવાર (સૃષ્ટિસમયમાં) પોતામાં, પોતાની માયાએ કરીને સંકલ્પમાત્રથી રચેલી સૃષ્ટિના કાર્યરૂપે રહેલા આ આર્વિભાવ(પ્રકટપણા)ને વિલોકે છે અને કોઈવાર (પ્રલય સમયમાં રહેલા) તિરોભાવ અદર્શનને વિલોકે છે. અને જે ઉભય (કાર્યકારણ તથા આવિર્ભાવ તિરોભાવ) ને જોવા

છતાં પણ અવિકારી રહેછે કારણ કે સાક્ષી છે. પરથી પણ પર, આત્માના કારણરૂપ તે મારી રક્ષા કરો. ૪.

कालेन पंचत्वमितेषु कृत्स्नशो
लोकेषु पालेषु च सर्वहेतुषु ॥
तमस्तदासीद्गहनं गभीरम्
यस्तस्य पारेऽभिविराजते विभुः ॥ ५ ॥

(મહાપ્રલયને અંતે) કાળે કરીને (ચૌદ) લોકો, (બ્રહ્માદિક) લોકપાળો પંચમહાભૂતમાં મળી જાયછે અને (મહત્તત્વાદિ) સર્વના કારણ (જે પ્રકૃતિ તે)માં લીન થાય છે, ત્યારે ગહન (ગાઢ) અને ગંભીર તમોગુણ રહેછે. તે પછી પણ જે વ્યાપક ભગવાન્ વિરાજે છે તે મારી રક્ષા કરો. ૫.

न यस्य देवा ऋषयः पदं विदु-
र्जन्तुः पुनः कोऽर्हति गन्तुमीरितुम् ॥

यथा नटस्याकृतिभिर्विचेष्टतो
दुरत्ययानुक्रमणः स माऽवतु ॥ ६ ॥

જુદા જુદા વેષ ધરી ચેષ્ટા કરતા નટની પેઠે જેનું સ્વરૂપ (સત્ત્વગુણ જેમાં વિશેષ છે એવા) દેવતાઓ કે ઋષિયો પણ જાણી શકતા નથી. ત્યારે બીજો (રજો કે તમોગુણવિશેષવાળો) કયો પ્રાણી તેને જાણી કે વર્ણવી શકે ? તે તર્કમાં ન આવે એવા ચરિત્રવાળા ભગવાન્ મારી રક્ષા કરો.૬.

दिदृक्षवो यस्य पदं सुमंगलम्
विमुक्तसंगा मुनयः सुसाधवः ॥
चरन्त्यलोक व्रतमव्रणं वने
भूतात्मभूताः सुहृदः स मे गतिः ॥ ७ ॥

(જે સ્વરૂપ દેવાદિકને જાણવું દુર્લભ થયું છે, તે ભક્તોને સુલભ છે એમ દર્શાવવા કહેછે.) જેનું પરમ મંગળ સ્વરૂપ, વિમુક્તસંગી (સ્ત્રી-પુત્રાદિ અને વિષયના ભોગોમાં જેનું મન જ-

રાએ લેપાયું નથી એવા), સુસાધન (અનેક જન્મોમાં જેમણે સારાં સાધનો સંચિત કીધાં છે એવા), મુનિયો (મનનશીલ) વિશુદ્ધ અંતઃકરણવાળા, વનમાં અખંડિત બ્રહ્મચર્યાદિકવ્રત પાળનારા, પ્રાણીમાત્રમાં સમાન દૃષ્ટિ રાખનારા ભક્તો જુએ છે તે ભગવાન્ મારી ગતિ થાઓ.૭.

न विद्यते यस्य च जन्म कर्म वा
न नामरूपे गुणदोष एव वा ॥
तथापि लोकाप्ययसंभवाय यः
स्वमायया तान्यनुकालमृच्छति ॥ ८ ॥

જેનાં જન્મ કે કર્મ (મનુષ્યની પેઠે પ્રારબ્ધને આધીન) જણાતાં નથી, જેને નામ અને રૂપ નથી, તેમજ ગુણ કે દોષ પણ નથી. તથાપિ લોકની ઉત્પત્તિ અને નાશનેમાટે પોતાની માયા (ઈચ્છા શક્તિ)થી વખતોવખત જન્માદિ ધારણ કરેછે. (તે ભગવાન્ મારી ગતિ થાઓ.)૮.

तस्मै नमः परेशाय, ब्रह्मणेऽनन्तशक्तये ॥
अरूपायोरुरूपाय, नम आश्चर्यकर्मणे ॥ ९ ॥

તે અપાર શક્તિ બ્રહ્મ પરમેશ્વરને પ્રણામ. અરૂપ (પ્રારબ્ધાધીન પ્રાકૃતરૂપ રહિત–નિરાકાર-) છતાં (અવતાર સમયે–સાકાર-) રૂપધારી આશ્ચર્ય પમાડનારા કર્મ કર્ત્તાને હું નમું છું. ૯.

नम आत्मप्रदीपाय, साक्षिणे परमात्मने ॥
नमो गिरां विदूराय, मनसश्चेतसामपि॥१०॥

સ્વયંપ્રકાશ, સાક્ષી (અંતર્યામી અને સર્વના પ્રકાશક), પરમાત્માને પ્રણામ; જેને વાણી, મન અને ચિત્ત પણ ન પહોંચી શકે તેને પ્રણામ કરૂંછું. ૧૦.

सत्त्वेन प्रतिलभ्याय, नैष्कर्म्येण विपश्चिता॥
नमः कैवल्यनाथाय, निर्वाणसुखसंविदे ११

સત્ત્વબળથી પ્રાપ્ત થનાર, નૈષ્કર્મ્યથી (કર્મ-

બંધ છૂટીજતાં) જોવાલાયક, મોક્ષના સ્વામિ, (પ્રકૃતિના સંબંધમાત્રથી રહિત) મોક્ષસંબંધી આનંદના અનુભવરૂપને પ્રણામ કરૂંછું. ૧૧.

नमः शांताय घोराय, गूढाय गुणधर्मिणे ॥
निर्विशेषाय साम्याय, नमो ज्ञानघनाय च१२

ગુણોના ધર્મી એવા, શાંત (વિષ્ણુસ્વરૂપ) ને, ઘોર (શિવસ્વરૂપ)ને, ગૂઢ (બ્રહ્મસ્વરૂપ)ને, પ્રણામ; નિર્વિશેષ (જેનાથી કંઈજ બાકી નથી એવા)ને, સામ્ય (પ્રકૃતિની સમાન અવસ્થાવાળા)ને, અને જ્ઞાનઘન (સચ્ચિદાનંદરૂપ)ને પ્રણામ કરૂંછું. ૧૨.

क्षेत्रज्ञाय नमस्तुभ्यं, सर्वाध्यक्षाय साक्षिणे ॥
पुरुषायात्ममूलाय, मूलप्रकृतये नमः ॥ १३॥

ક્ષેત્રજ્ઞ (શરીરાદિ સમુદાય જે ક્ષેત્ર તેને જાણનાર)ને, સર્વના અધિપતિને, સાક્ષી (અંતર્યામી)ને, પ્રણામ. આત્મમૂળ (જીવના કારણ)

ને (તથા) મૂળ પ્રકૃતિના મૂળ (ત્રિગુણમયી માયાના કારણ)ને, (તથા એ એના નિયામક) પુરુષને પ્રણામ કરૂંછું. ૧૩.

सर्वेन्द्रियगुणद्रष्ट्रे, सर्वप्रत्ययहेतवे ॥
असता छाययोक्ताय, सदाभासाय ते नमः १४

સર્વ ઇંદ્રિયો અને તેના ગુણ (વિષયો) ના જોનાર, સર્વ પ્રત્યય (પ્રમાણ, સંશય, વિપર્યય આદિ જ્ઞાપક)ના હેતુ, છાયાથી અસત્ કહેવાયલા (પ્રતિબિંબ જેમ બિંબને જણાવે તેમ દેહેંદ્રિયાદિ સમુદાયે કરીને જેનું ચેતન જણાય છે એવા) સત્ પ્રકાશવાળા તેને નમન કરૂંછું. ૧૪.

नमो नमस्तेऽखिलकारणाय
निष्कारणायाद्भुतकारणाय ॥
सर्वागमाम्नायमहार्णवाय
नमोऽपवर्गाय परायणाय ॥ १५ ॥

અખિલ (સર્વ પ્રપંચ માત્રના) કારણને, નિ-

અકારણ (જેનું પોતાનું બીજું કોઈ કારણ નથી એવા)ને, નમન પ્રણામ. સર્વ શાસ્ત્રોના મોટા અર્ણવસ્થાન• (અર્થાત્ વૈદિક અને તાંત્રિકશાસ્ત્ર-રૂપી નદીઓ જે મહાસાગરમાં આવી મળેછે એવા) ને મોક્ષના આધારને પ્રણામ કરૂંછું. ૧૫.

गुणारणिच्छन्नचिदूष्मपाय
तत्क्षोभविस्फूर्जितमानसाय ॥
नैष्कर्म्यभावेन विवर्जितागम-
स्वयंप्रकाशाय नमस्करोमि ॥ १६ ॥

સત્ત્વાદિક ગુણરૂપ અરણિ (કાષ્ટ–લાકડા)માં ઢંકાયલો જે જીવ એકાકારરૂપ અગ્નિને (પ્રલય-કાળમાં) પીએ છે, (અને) ગુણોના ક્ષોભ (સૃષ્ટિસમય)માં જેનું મન બહિર્વૃત્તિવાળું થાય છે તેને; નૈષ્કર્મ્યભાવથી (કર્મબંધન છૂટી જતાં) જેણે શાસ્ત્ર (વિધિનિષેધ) છોડયાં છે એવા

પુરુષના હૃદયમાં જે પોતાની મેળે પ્રકાશે છે તેને હું પ્રણામ કરૂં છું. ૧૬.

मादृक्प्रपन्नपशुपाशविमोक्षणाय
मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय ॥
स्वांशेन सर्वतनुभृन्मनसि प्रतीत-
प्रत्यग्दृशे भगवते बृहते नमस्ते ॥ १७ ॥

મારા જેવા (અવિદ્યાના) પાશથી બંધાયલા પશુનું મોચનકર્તાને, મુક્ત (પોતે અજ્ઞાન-માયા-પાશથી છૂટા એવા)ને, અત્યંત કૃપાળુ (નિઃ-સ્વાર્થે કેવળ કરુણાથીજ બંધમાંથી છોડવનાર)ને, અચ્યુત અક્ષરબ્રહ્મને નમસ્કાર. પોતાના અંશે કરીને સર્વ દેહોમાં મનથી જણાતા તથા અનુ-ભવાતા બૃહત્ (મોટા-અપરિછિન્ન-) ભગવાન્‌ને નમસ્કાર કરૂં છું. ૧૭.

आत्मात्मजाप्तगृहवित्तजनेषु सक्तै-
दुष्प्रापणाय गुणसंगविवर्जिताय ॥

मुक्तात्मभिः स्वहृदये परिभाविताय
ज्ञानात्मने भगवते नम ईश्वराय ॥ १८ ॥

(જો કે આપ નિકટ હૃદયમાં અંતર્યામીરૂપે વિરાજો છો તોપણ આસક્તિરહિત હોવાથી) દેહ, પુત્ર, સગા સહોદર, ઘર, ધન, ચાકરમાં આસક્તોને બહુ કષ્ટે પણ પ્રાપ્ત ન થનારા; (ગુણોના કાર્યરૂપ આ વિશ્વમાં સંગરહિત હોવાથી) ગુણ અને સંગથી વિવર્જિત (દેહાદિક તથા રાગાદિકમાં આસક્તિ છોડી દેનારા); મુક્તાત્માના પોતાના હૃદયમાં પરિપૂર્ણ આવિર્ભાવ પામતા, જ્ઞાનસ્વરૂપ (સચ્ચિદાનંદમય); ઈશ્વર (સર્વના નિયામક) ભગવાનને નમન કરૂંછું. ૧૮.

यं धर्मकामार्थविमुक्तिकामा
भजन्त इष्टां गतिमाप्नुवन्ति ॥
किं त्वाशिषो रात्यपि देहमव्ययम्
करोतु मेऽदभ्रदयो विमोक्षणम् ॥ १९ ॥

જે ધર્મ, અર્થ, કામ અને ચારે પ્રકારના મોક્ષની ઇચ્છાથી (આપને) ભજનારા, વાંછિત ફળને પામેછે, એટલુંજ નહિ પણ વાંછિત નહિ એવા સુખભોગો પણ પામેછે; તેઓને અવ્યય (અવિકારી) દેહ આપીને પોતાના પાર્ષદ કરોછો એવા (અપાર કરુણાળુ ભગવાન્) મારો બંધ વિમોચન કરો. ૧૯.

एकान्तिनो यस्य न कंचनार्थं
वांछन्ति ये वै भगवत्प्रपन्नाः ॥
अत्यद्भुतं तच्चरितं सुमंगलम्
गायन्त आनंदसमुद्रमग्नाः ॥ २० ॥

(ભક્તિના સુખને ન જાણતો હું છૂટકારાની વાંછા કરૂંછું પરંતુ) જે ભગવાન્‌ને શરણે ગયા છે એવા અનન્ય ભક્તો જે કોઈ પણ પુરુષાર્થોની વાંછા કરતા નથી, તેઓ તો પરમકલ્યાણ-

કરી આપના અતિઅદ્ભુત ચરિત્રને ગાતા આનંદસાગરમાં ડૂબી રહ્યા છે. ૨૦.

तमक्षरं ब्रह्मपं परेशम्

अव्यक्तमाध्यात्मिकयोगगम्यम् ॥

अतीन्द्रियं सूक्ष्ममिवातिदूरम्

अनन्तमाद्यं परिपूर्णमीडे ॥ २१ ॥

(ગજ આ વખતે સંકટમાં અને ગભરાયલો હોવાથી બોલવામાં પુનરુક્તિ થઈ જાયછે). અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ, પરાત્પર ઈશ્વર, અવ્યક્ત (ઇંદ્રિયોથી ન જણાય એવો) આધ્યાત્મિક યોગથી જાણી શકાય એવો, અતિદૂર હોવા છતાં, અત્યંત સૂક્ષ્મ હોય તેમ જે ઇંદ્રિયનો વિષય નથી, નાશરહિત, આદિરહિત, પરિપૂર્ણ તેની હું સ્તુતિ કરૂં છું. ૨૧.

यस्य ब्रह्मादयो देवा, वेदा लोकाश्चराचराः॥

नामरूपविभेदेन, फल्ग्व्या च कलया कृताः२२

બ્રહ્માદિક દેવતાઓ, વેદો, અને સ્થાવર જંગમ લોકો, નામરૂપના વિશેષ ભેદથી જેમાંથી પ્રકટ્યા છે તથા ક્રીડા કરતા થયા છે. ૨૨.

यथार्चिषोऽग्नेः सवितुर्गभस्तयो
निर्यान्ति संयान्त्यसकृत्स्वरोचिषः ॥
तथा यतोऽयं गुणसंप्रवाहो
बुद्धिर्मनःखानि शरीरसर्गाः ॥ २३ ॥

જેમ પોતાની મેળે અગ્નિમાંથી જ્વાળાઓ નીકળેછે અને તેમાંજ લીન થાયછે, જેમ સૂર્યમાંથી કિરણો નીકળીને તેમાંજ વિલીન થાયછે, તેમ પોતાની મેળે, જેમાંથી આ ગુણોના પ્રવાહરૂપી બુદ્ધિ, મન, તથા સર્વ પ્રકારના દેહો નીકળેછે અને પાછાં જેમાં પેશી જાય છે. ૨૩.

स वै न देवासुरमर्त्यतिर्यङ्
न स्त्री न षंढो न पुमान्न जन्तुः ॥

नायं गुणः कर्म न सन्न चासन्
निषेधशेषो जयतादशेषः ॥ २४ ॥

(કે જે ભગવાન્ પોતે) દેવ નથી, દૈત્ય નથી, મનુષ્ય નથી, પશુ નથી, પંખી નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, એ ગુણો નથી, કર્મ નથી, સત્ નથી અને અસત્ નથી (કારણ નથી, તેમ કાર્ય પણ નથી), એમ સર્વ રીતે નિષેધ કરતાં છતાં પણ અશેષ એટલે સંપૂર્ણ શેષ (બાકી) રહેછે તેમનો વિજય થાઓ. ૨૪.

जिजीविषे नाहमिहामुया किम्
अन्तर्बहिश्चावृतयेभयोन्या ॥
इच्छामि कालेन न यस्य विप्लव-
स्तस्यात्मलोकावरणस्य मोक्षम् ॥ २५ ॥*

---

* આ ગજરાજ ગ્રાહથી પકડાએલા દેહને છોડવવા ભગવાન્‌ની પ્રાર્થના કરતો નથી, પરંતુ અજ્ઞાન(માયા)ના આવરણથી જીવને છોડવવાની પ્રાર્થના કરેછે, એ આ પચીસમા શ્લોકથી સ્પષ્ટ થાય છે.

મારે જીવવાની ઇચ્છા નથી, કારણ કે આ શરીર અંદર અને બહાર ભયથી છવાયલું છે. (તે રહો કે પડો તેથી મારે કંઈ લેવા દેવા નથી). કાળે કરીને બીજો દેહ પ્રાપ્ત થતાં આ દેહતો છૂટશેજ. પરંતુ આત્મા(જીવ)ને થએલું (અવિદ્યાનું) આવરણ (જે કે કાળે કરીને પણ છૂટતું નથી) તેનાથી છૂટવા ઇચ્છું છું. ૨૫

सोऽहं विश्वसृजं विश्वमविश्वं विश्ववेदसम् ॥
विश्वात्मानमजं ब्रह्म, प्रणतोस्मि परं पदम् २६

તે (મુમુક્ષુ) હું વિશ્વના સ્રષ્ટા, વિશ્વરૂપ, વિશ્વથી અલગ, વિશ્વ જેની ક્રીડાનું સાધન છે, વિશ્વના આત્મા (અંતર્યામી), જન્માદિરહિત, ઉત્તમોત્તમપદ એવા પરબ્રહ્મને હું પ્રણામ કરૂંછું. ૨૬.

योगरन्धितकर्माणो, हृदि योगविभाविते ॥
योगिनो यं प्रपश्यन्ति, योगेशं तं नतोस्म्यहम्॥

યોગવડે જેનાં સારાં નરસાં કર્મો બળી ગયાં છે એવા યોગીઓ યોગથી શુદ્ધ થએલા હૃદયમાં જેનો સાક્ષાત્કાર કરેછે તે યોગેશ્વરને હું પ્રણામ કરૂં છું. ૨૭.

नमो नमस्तुभ्यमसह्यवेग-
शक्तित्रयायाखिलधीगुणाय ॥
प्रपन्नपालाय दुरन्तशक्तये
कदिन्द्रियाणामनवाप्यवर्त्मने ॥ २८ ॥

સત્વાદિ ત્રિગુણવાળી જેની શક્તિનો વેગ અસહ્ય છે, જ્ઞાનસ્વરૂપ, શરણાગતના રક્ષક, અવિનાશી શક્તિમાન્, ઇંદ્રિયો અને મનની (સંશય, વિપર્યય, શુભ, અશુભ બધી) વૃત્તિયો જેને સ્વાધીન છે તે નમન યોગ્યને હું નમન કરૂં છું. ૨૮.

नायं वेद स्वमात्मानं, यच्छक्तयाहंधिया हतम्
तं दुरत्ययमाहात्म्यं, भगवन्तमितोऽस्म्यहम् २९

જેની શક્તિ (માયા)થી અહંબુદ્ધિ લોકો આત્મસ્વરૂપને જાણી શકતા નથી, જેના માહાત્મ્યનો પાર નથી, એવા આ ભગવાનને હું શરણ છું. ૨૯.

श्रीशुक उवाच શુકદેવજી કહેછે.-

एवं गजेन्द्रमुपवर्णितनिर्विशेषं
ब्रह्मादयो विविधलिंगभिदाभिमानाः ॥
नैते यदोपससृपुर्निखिलात्मकत्वात्
तत्राखिलामरमयो हरिराविरासीत् ॥३०॥

એપ્રમાણે ગજરાજે સ્તુતિ કર્યાથી, બ્રહ્માવગેરે જુદા જુદા દેહના અભિમાની દેવતાઓ, તેણે આપણી સ્તુતિ કરી નથી (પણ આપણને તો હલકા ગણ્યા છે, જુઓ શ્લોક ૨૨) એમ માની તેની વહારે ગયા નહિ, ત્યારે સર્વ દેવમય સર્વાત્મા શ્રીહરિ (હરિમેધાની સ્રી હરિણીથી અવતરેલા) ત્યાં પ્રકટ થયા. ૩૦.

तं तद्वदार्तमुपलभ्य जगन्निवासः
स्तोत्रं निशम्य दिविजैः सह संस्तुवद्भिः॥
छन्दोमयेन गरुडेन समुह्यमान-
श्चक्रायुधोऽभ्यगमदाशु यतो गजेन्द्रः ३१

જગતમાં નિરંતર વસતા તે ભગવાન્ એ પ્રમાણે ગજરાજનું કષ્ટ જાણી, તેની સ્તુતિ સાંભળી, નમ્રપણે દેવતાઓ જેની સ્તુતિ કરેછે તેઓને સાથે લઈને વેદરૂપ ગરુડપર સ્વાર થઈ ઝૂડનું મુખ ચીરવાને હાથમાં સુદર્શન ચક્ર શસ્ત્ર ધરીને ત્યાં (ગજેંદ્ર પાસે) શીઘ્ર આવી પહોંચ્યા. ૩૧.

सोऽन्तःसरस्युरुबलेन गृहीत आर्तो
दृष्ट्वा गरुत्मति हरिं ख उपात्तचक्रम् ॥
उत्क्षिप्य साम्बुजकरं गिरमाह कृच्छ्रा-
न्नारायणाखिलगुरो भगवन्नमस्ते ॥ ३२ ॥

અતિબળવાન્ ઝૂડે તળાવમાં પકડેલા પીડિત ગજેંદ્ર, ચક્રધારી ગરુડાસન ભગવાનને આકાશમાં જોતાંજ, શુંડમાં કમળ લઇને, શુંડ ઊંચી કરી બોલ્યો કે, હે નારાયણ! હે જગદ્ગુરો! હે ભગવન્! તમને પ્રણામ કરૂંછું. ૩૨.

तं वीक्ष्य पीडितमजः सहसावतीर्य
सग्राहमाशु सरसः कृपयोज्जहार ॥
ग्राहाद्विपाटितमुखादरिणा गजेंद्रं
संपश्यतां हरिरमूमुचदुस्त्रियाणाम् ॥३३॥

તે ભગવાને ગજેંદ્રને અત્યંત પીડિત જોઇ, ગરુડ જોઇએ તેવી ઝડપથી ચાલતો નથી એમ ધારી, દેવતાઓ પાસે હતા તેની પણ ઉપેક્ષા (પરવા) ન કરતાં, કૃપા કરી પોતાના ડાબે હાથે ઝૂડસહિત તળાવમાંથી ખેંચી કહાડયો. અને જમણે હાથે ધરેલા ચક્રથી ઝૂડનું મુખ ચીરી ગજેંદ્રનો છૂટકો કર્યો. ૩૩.

પ્રાણપ્રયાણટાણે ભારતમાર્તંડના મુખારવિંદથી નીકળેલું ભગવદ્‌વચન.

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये ।
सहस्रपादाक्षिशिरोरुबाहवे ॥
स॰स्रनाम्ने पुरुषाय शाश्वते ।
स॰स्रकाटीयुगधारिणे नमः ॥

ભાવાર્થ—હજારો આકૃતિ ધર્ત્તા, હજારો ચરણો, હજારો આંખો, હજારો મસ્તકો, હજારો ઉરુઓ, હજારો ભુજાઓવાળા અનંત (જેનો ગણતાં પારજ ન આવે એવા) ને (મારા) પ્રણામ પહોંચો. હજારો નામવાળા, હજારો કોટી યુગોને ધારણકર્ત્તા, શાશ્વત (સદાવિરાજમાન) પુરુષને (મારા) પ્રણામ.

સમશ્લોક.

નમું અનંતાકૃતિઓ હજારને,
હજાર પાદાક્ષિ શિરોરુ હાથને;
હજાર નામા નર શાશ્વતા મને,
યુગો હજારો ધરતા નમું તને.

ભારતમાર્તંડવિરચિત ગ્રંથો.

સંસ્કૃત.	કીમત.
કૃષ્ણાભિસારકાવ્ય.	૦-૪-૦
ઘટખર્પરખંડકાવ્યપરટીકા.	૦-૧૦-૦
ભગવદ્‌ગીતાભાષ્ય.	(અમુદ્રિત)
મહાવાક્યવિવર્ણ...	(,,)
મારૂતશક્તિ.	૫-૦-૦
રૂક્મિણીચંપુ.	(અમુદ્રિત)
વલ્લભસ્તુતિ રત્નાવલિપર ટીકા. ...	૧-૦-૦
વિદ્વન્મનોવિનોદ.	(અમુદ્રિત)
વિષ્ણુસહસ્રનામ ભાષ્ય.	(,,)
વેદાંતચિંતામણી.	૦-૮-૦
શુદ્ધાદ્વૈત ચંદ્રોદય...	(અમુદ્રિત)
સત્સિદ્ધાંતમાર્તંડ.	૫-૦-૦
સત્સ્નેહભાજન....	(અમુદ્રિત.)
સુદિન (શુદ્ધાદ્વૈત માર્તંડની ટીકા.)	(,,)
હૃદયદૂતપર ભાવવિવેકટીકા. ...	(,,)
વ્રજ.	
વલ્લભાખ્યાનની ટીકાપર ટીપણ. ...	૩-૮-૦
ગૂજરાતી.	
ઇશ્વરસિદ્ધિ.	(શિલક નથી.)

કચ્છમહોદય.	૦—૪—૦
કામંદકીય નીતિસાર સર્ગ ૧	૦—૫—૦
ચાણક્યની ચતુરાઈ.	(છપાય છે.)
જગત્સ્વરૂપ.	(અપૂર્ણ.)
દશાવતારસ્તોત્ર.	૦—૩—૦
ધર્મનું એક પણ પગથીયું ન ચૂકવું.	(અપૂર્ણ.)
નીતિનિદર્શન.	૦—૪—૦
પીંગળપ્રકરણ.	(અપૂર્ણ.)
ભુકકુંડચરિત્ર.	૦—૨—૦
બૃહત્કથાસાર પ્રથમલંબક.	૧—૮—૦
વિદ્યાવારિજાકર.	(અપૂર્ણ.)
વૈરાગ્યશતક ભાષાંતર.	૦—૪—૦
સુભાષિતલહરી (છૂટક કવિતાનો સંગ્રહ)	૧—૦—૦
સુમનો વિનોદ.	૧—૦—૦
સમશ્લોકી શ્રીમદ્ભગવદ્ગીતા. ...	૧—૦—૦
સત્સ્નેહભાજન.	(અપૂર્ણ)
હૃદયદૂતસાર.	૦—૪—૦

આ શિવાય અનેક ગ્રંથો એમણે રચેલા છે, તથા હજારો ભાષણો આપેલાં છે, પરંતુ તેનાં નામો તથા નકલોની અમે શોધમાં છીએ.

વ્યવસ્થાપકો,

તારદેવ—મુંબાઈ. }
તા. ૧-૩-૯૮. }

પુસ્તકપ્રસારક મંડળી,
મુંબાઈ.